| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૨૩ | ૧૨ | ૨૦૨૪ |
| નોંધ્યા તારીખ: | ૨૩ | ૧૨ | ૨૦૨૪ |
| ફેંસલ તારીખ : | ૨૯ | ૦૫ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૫ | ૦૬ |

**આંક–૩૬**

**:: નમુના – અ ::**

| **ખેડા જિલ્લાના મહેરબાન ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટમા, મુ. નડીઆદ.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૯/૦૫/૨૦૨૬ |
| સ્પે. એટ્રોસીટી કેસ નં. | ૨૭/૨૦૨૪ |

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | બી.એન.એસ.ની કલમ–૩૫૨, ૫૪ તથા અનુસુચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણ અધિનીયમની કલમ–૩(૧)(આર)(એસ) મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ | પ્રથમ બાતમી ગુ.ર.નં. ૧૧૨૦૪૦૨૧૨૪૦૫૮૩/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | ડાકોર પોલીસ સ્ટેશન |
| ફરીયાદી | સરકારશ્રી/શંકરભાઇ દાનાભાઇ રોહિત |
| ફરીયાદી તરફે | વિ.એ.પી.પી.શ્રી એસ.આર.ભટ્ટ |
| આરોપીઓ | (૧) રણજીતસિંહ ઉર્ફે જીતુ મોહનસિંહ ચાવડા, ઉ.વ. ૪૦,<br>(૨) ઉદેસિંહ ઉર્ફે મહારાજ સામંતસિંહ ચૌહાણ, ઉ.વ. ૭૪,<br>બંને રહે. રતનજીના મુવાડા, સીમ વિસ્તાર, ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા. |
| આરોપીઓ તરફે | વિ.વ.શ્રી બી. ટી. મકવાણા |

**:: નમુના – બ ::**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૨/૧૧/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ: | ૧૨/૧૧/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ: | ૨૧/૧૨/૨૦૨૪ |

| | |
|---|---|
| ચાજચાર્જ્ઞ્મ કર્યા તારીખ: | ૦૮/૦૭/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ: | ૨૦/૦૮/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ: | ૧૫/૦૫/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ: | ૨૯/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | નથી. |

## :: આરોપીની માહીતી ::

| ક્રમ | આરોપીનુ નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુના હેઠળ ચાજૃફ્રેમ થયેલ છે ? | શું દોષી/ નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન **UTP** રહેલ સમય ગાળો **CrPC.** ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રણજીતસિંહ ઉર્ફે જીતુ મોહનસિંહ ચાવડા ઉ.વ. ૪૦, રહે.રતનજીના મુવાડા, સીમવિસ્તાર ડાકોર તા. ઠાસરા, જિ. ખેડા. | ૦૫/૧૨/૨૦૨૪ | ૦૫/૧૨/૨૦૨૪ | બી.એન.એસ. ની કલમ-૩૫૨, ૫૪ તથા અનુસુચિત જાતિ/ જનજાતિ અત્યાચાર નિવારણ અધિનીયમની કલમ-૩(૧)(આર)(એસ) | શંકાનો લાભ આપેલ છે. | શંકાનો લાભ આપેલ છે. | ૦૦ વર્ષ ૦૦ માસ ૦૦ દીવસ |
| ૨ | ઉદેસિંહ ઉર્ફે મહારાજ સામંતસિંહ ચૌહાણ ઉ.વ. ७४, રહે.રતનજીના મુવાડા, સીમવિસ્તાર ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા. | ૦૫/૧૨/૨૦૨૪ | ૦૫/૧૨/૨૦૨૪ | બી.એન.એસ. ની કલમ-૩૫૨, ૫૪ તથા અનુસુચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણ અધિનીયમની કલમ-૩(૧)(આર)(એસ) | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | - |

## :: નમુનો – ક ::

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ન્યાયાલયના સાક્ષીઓની યાદી

## (અ) ફરીયાદપક્ષના સાક્ષીની વિગત :

| **ક્રમ** | **આંક** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | **૧૦** | શંકરભાઇ દાનાભાઇ રોહીતની જુબાની | મુળ ફરીયાદી |
| ૨ | **૧૩** | દીનેશકુમાર જયંતિભાઇ રોહીતની જુબાની | ગુનાવાળી જગ્યાના પંચસાહેદ |
| ૩ | **૧૫** | દક્ષાબેન શંકરભાઇ રોહીતની જુબાની | સાહેદ |
| ૪ | **૨૧** | જશીબેન વા/ઓ મથુરભાઇ શનાભાઇ રોહીતની | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| | | જુબાની | |
| ૫ | **૨૨** | ગૌતમભાઇ શંકરભાઇ રોહીતની જુબાની | સાહેદ |
| ૬ | **૨૩** | મહેશકુમાર મણીભાઇ પરમારની જુબાની | સાહેદ |
| ૭ | **૨૪** | વીરેન્દ્રસિંહ દીલીપસિંહ મંડોરાની જુબાની | ફરીયાદ દાખલ કરનાર પોલીસ સાહેદ |
| ૮ | **૨૫** | કલ્પેશસિંહ ગોપાલસિંહ રાઉલજીની જુબાની | વિસ્તરણ અધીકારી તાલુકા પંચાયત ઠાસરા |
| ૯ | **૨૭** | વિમલકુમાર રૂપનારાયણ બાજપાઇની જુબાની | તપાસ કરનાર અમલદાર |

## (બ) બચાવના સાક્ષી :

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| બચાવપક્ષે કોઈ સાક્ષી તપાસેલ નથી | | |

## (ક) કોર્ટના સાક્ષી :

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| અદાલત ધ્વારા કોઈ સાક્ષી તપાસેલ નથી | | |

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ન્યાયાલય તરફથી રજુ થયેલ દસ્તાવેજો :

## (અ) ફરીયાદપક્ષે આપવામા આવેલ આંક :

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | **૧૧** | અસલ ફરીયાદ (તા. ૧૨/૧૧/૨૦૨૪) |
| ૨ | **૧૪** | ગુનાવાળી જગ્યાનુ પંચનામું (તા. ૧૩/૧૧/૨૦૨૪) |
| ૩ | **૨૬** | અનુસુચિત જાતિ અંગેનુ પ્રમાણપત્ર (તા. ૧૩/૧૧/૨૦૨૪) |
| ૪ | **૨૮** | અનુસુચિત જાતિ અંગેનુ પ્રમાણપત્રની નકલ (તા. ૨૩/૦૬/૧૯૯૭) |
| ૫ | **૨૯** | મામલતદાર ઠાસરાને તા. ૧૩/૧૧/૨૦૨૪ના રોજની જાતિ અંગેના પ્રમાણપત્રની ખરાઇ કરી આપવા બાબતની યાદી |
| ૬ | **૩૦** | મામલતદાર ઠાસરાનો તા. ૦૯/૧૧/૨૦૨૪ના રોજનો ફરીયાદીની જાતિ અંગેનુ પ્રમાણપત્રની નહી મળી આવેલ બાબતનો પત્ર |
| ૭ | **૩૧** | તાલુકા વિકાસ અધિકારી ઠાસરાને તા. ૧૨/૧૨/૨૦૨૪ના રોજની જાતિ અંગેના પ્રમાણપત્રની ખરાઇ કરી આપવા બાબતની યાદી |
| ૮ | **૩૨** | તાલુકા પંચાયત ઠાસરાનુ તા. ૧૮/૧૨/૨૦૨૪વાળુ અનુસુચિત જાતિ |

| | | |
|---|---|---|
| | | અંગેનુ પ્રમાણપત્ર |
| ૯ | ૩૪ | ફરીયાદપક્ષ તરફે કલોઝીંગ પુરસીસ |

**(બ) બચાવપક્ષે આપવામા આવેલ આંક :**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

**(ક) ન્યાયાલય ધ્વારા આપવામા આવેલ આંક :**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

**ફરીયાદી તરફે રજુ થયેલ મુદામાલ વિગત :**

| ક્રમ | મુદામાલ નંબર | વિગત |
|---|---|---|
| – | – | – |

**ગુનો :– બી.એન.એસ.ની કલમ–૩પર, પ૪ તથા અનુસુચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણ અધિનીયમની કલમ–૩(૧)(આર)(એસ) મુજબ**

**– :: ચુ કા દો :: –**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા. ૧૨/૧૧/૨૦૨૪ના રોજ કલાક ૧૭:૩૦ વાગ્યે મોજે રતનજીના મુવાડા દુધ ડેરી સામે આ કામના ફરીયાદી તથા ફરીયાદીની પત્ની સાહેદ દક્ષાબેનનાઓ આ કામના આરોપી નં. ૧ રણજીતસિંહ ઉર્ફે જીતુ મોહનસિંહ ચાવડાની પકોડીની લારી ઉપર પકોડી ખાવા ગયેલ તે વખતે આરોપી રણજીતસિંહ ઉર્ફે જીતુ મોહનસિંહ ચાવડાનાએ તમે મંજીપુરા ગામના ચામડીયા છો તો હું તમને પકોડી નહી ખવડાવું. તેમ કહી ફરીયાદી તથા ફરીયાદીની પત્ની સાહેદ દક્ષાબેનને ગમેતેમ જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલેલ તેમજ આરોપી નં. ૨ ઉદેસિંહ ઉર્ફે મહારાજ સામંતસિંહ ચૌહાણના ઓએ પણ કહેલ કે, તમે ચામડીયા છો જેથી તમને પકોડી ના પણ ખવડાવે આ તમારૂ મંજીપુરા ગામ નથી. આ તો દરબારોનુ ગામ છે. તેવુ કહી ફરીયાદી તથા સાહેદને ગમેતેમ જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી જાહેરમાં અપમાનિત કરી ગુનો કરવામા એકબીજાએ મદદગારી કરી ગુનો કરેલ છે. જે સબબ ફરીયાદીએ ડાકોર પોલીસ સ્ટેશને આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરેલ છે.

**કેસની કાર્યવાહીની વિગત**

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ હાજર થતાં તેમની સામેના હાલના ગુનાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામા આવેલી. ત્યારબાદ આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળેલી છે કે કેમ ? તેની ખાત્રી કરી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૪૯ની જોગવાઈઓનુ પાલન કર્યા પછી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૧(૧)(બી) પ્રમાણે આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું આંક–૦૬થી ફરમાવવામાં આવેલ છે તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૧(૨) પ્રમાણે આરોપીઓનો જવાબ અનુક્રમે આંક–૦૭ તથા ૦૮થી નોંધી લેવામા આવેલ છે. આરોપીઓ તહોમતનામામાં જણાવેલ ગુનો કબુલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો રેકર્ડ કરવામા આવેલ. આ કામના આરોપીઓ જામીન ઉપર મુકત છે.

**ફરીયાદપક્ષનો પુરાવો :–**

(૩) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નમુના – કમાં દર્શાવ્યા મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**બચાવપક્ષનો પુરાવો :–**

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં તેના આધારે આરોપીઓ વિરૂધ્ધના સંજોગોનો ખુલાસો કરવાના આશ્રયથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનુ વિશેષ નિવેદન લેવામા આવેલ. જેમાં આરોપીઓએ પોતે બચાવના કોઈ સાક્ષી તપાસેલ નથી કે સોગંદ ઉપર કોઈ જુબાની આપેલ નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે આ કેસમાં સંડોવવામા આવેલ છે અને તેઓ વિરૂધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**શ્રી સરકાર/ફરીયાદપક્ષ તરફે દલીલો**

(૫) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી.એ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૬થી નામદાર અદાલત ધ્વારા તહોમતનામું ઘડવામાં આવેલ છે. આંક–૧૦થી આ કામના ફરીયાદીને તપાસવામાંઅ આવેલ છે તેઓએ આંક–૧૧વાળી ફરીયાદ હકીકતને સમર્થન આપતી જુબાની આપેલ છે. વધુમાં આંક–૧૫થી ફરીયાદીના પત્ની દક્ષાબેન રોહીતને તથા આંક–૨૧થી સાહેદ જશીબેન મથુરભાઈ રોહીતને તપાસવામા આવેલ છે તેઓએ પણ તેમની જુબાનીમાં ફરીયાદ

હકીકતને સમર્થન આપેલ છે. વધુમાં આ કામે આંક–૨૫થી વિસ્તરણ અધિકારી કલ્પેશસિંહ ગોપલસિંહ રાઉલજીને તપાસેલ છે તેઓએ ફરીયાદીનુ અનુસુચિત જાતિનુ પ્રમાણપત્ર આંક–૨૬થી રજુ કરેલ છે. આ કામે આંક–૨૭થી તપાસ કરનાર અમલદારને તપાસેલ છે. તેઓએ તેમની તપાસ દરમ્યાન આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો પડતા ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. આમ, તમામ હકીકત તેમજ રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે ફરીયાદપક્ષે કેસ સાબીત કરેલ હોય આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવવા અરજ ગુજારેલ છે.

(૬) બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા. તેઓએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામે આંક–૧૦થી ફરીયાદીને તપાસવામા આવેલ છે તેઓએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ સ્થળે આવેલ દુધની ડેરીમાં દુધ ભરવાનુ ચાલુ હતુ અને આશરે ૨૦૦થી ૨૫૦ માણસો હાજર હતા તથા પકોડીની લારી ઉપર પણ અન્ય માણસો હાજર હતા. બનાવ પહેલા આરોપીઓને તેઓ કોઇ દીવસ મળેલ ન હતા. આરોપીઓને તેઓ અંગત રીતે ઓળખતા ન હતા. ત્યારબાદ આ કામે આંક–૧૩થી પંચસાહેદ દીનેશકુમાર જયંતીભાઇ રોહીતને તપાસેલ છે તેઓએ તેમની ઉલટતપાસમાં પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ હોવાનુ સ્વીકારેલ છે. ત્યારબાદ આંક–૧૫થી સાહેદ દક્ષાબેન શંકરભાઇ રોહીતને તપાસવામા આવેલ છે તેઓની સમગ્ર જુબાની વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આરોપીઓએ તેઓ વિરૂધ્ધ કોઇપણ જાતિવાચક શબ્દો બોલેલ નથી. આંક–૨૧થી તપાસેલ સાહેદ જશીબેન મથુરભાઇ રોહીત તથા આંક–૨૩થી તપાસેલ સાહેદ મુકેશભાઇ મણીભાઇ પરમાર ફરીયાદ હકીકતને સમર્થન આપતા ના હોય હોસ્ટાઇલ જાહેર થયેલ છે. આંક–૨૨થી તપાસેલ સાહેદ ગૌતમભાઇ શંકરભાઇ રોહીત બનાવ સ્થળે હાજર ન હતા અને પોલીસે તેઓનુ માત્ર નામ, ઠામ પુછેલું. વધુમાં ફરીયાદપક્ષે તપાસેલ અન્ય સાહેદો કે જેઓ પોલીસ સાહેદો છે જેથી સ્વાભાવિક છે કે તેઓએ તેમની ફરજના ભાગરૂપે યાંત્રીક જુબાની આપેલ છે. ફરીયાદ હકીકતને તેઓને અંગત કોઇ માહીતી ન હતી. ફરીયાદપક્ષનો કેસ બનાવ જાહેર સ્થળે બનેલ હોવાનો છે તથા તે સ્થળે ૨૦૦ થી ૨૫૦ માણસો હોવાનુ ફરીયાદી ખુદ સ્વીકારે છે તેમ છતાં ફરીયાદપક્ષે કોઇ સ્વતંત્ર સાહેદ સ્વીકારેલ નથી. જેથી પણ ફરીયાદપક્ષનો કેસ સ્પષ્ટપણે પુરાવાથી પુરવાર થતો નથી. વધુમાં ફરીયાદી તેઓની જુબાનીમાં જણાવે છે કે કહેવાતો બનાવ બન્યો ત્યારે મારા મોબાઇલ ઉપરથી હેલ્પલાઇન નં. ૧૮૧થી ફોન કરેલ અને મારા પત્ની દક્ષાબેને આ બનાવની વાત કરેલી.

જયારે આંક–૧૫થી સાહેદ દક્ષાબેનને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં મે ૧૮૧ નંબર ઉપર મારા મોબાઇલથી ફોન કરેલાનુ જણાવેલ છે. આમ ફરીયાદી તથા સાહેદ જશીબેનની જુબાનીમા ઘણો વિરોધાભાસી તથા વિસંગતતા જણાઇ આવે છે. વધુમાં સાહેદ દક્ષાબેને તેઓની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે, બનાવ સમયે ઘણાબધા માણસો ભેગા થઇ ગયેલા જેથી કોણ શું બોલેલ તેની તેઓની ખબર નથી. આમ, ફરીયાદપક્ષ તરફે તપાસેલ સાહેદોના પુરાવાથી આરોપીઓએ તહોમતનામા મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૭)** ઉપરોકત હકીકતે હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપિસ્થત થાય છે.

**– :: મુ દ્દા ઓ :: –**

**(૧).** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૧૨/૧૧/૨૦૨૪ના રોજ કલાક ૧૭:૩૦ વાગ્યે મોજે રતનજીના મુવાડા દુધ ડેરી સામે આ કામના ફરીયાદી તથા ફરીયાદીની પત્ની સાહેદ દક્ષાબેનનાઓને જાહેરમાં અપમાનિત કરી ગુનો કરવામા એકબીજાએ મદદગારી કરી બી.એન.એસ.ની કલમ–૩૫૨, ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**(૨).** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ બનાવ સમયે, તારીખે અને સ્થળે આરોપીઓ એવું જાણતા તથા માનતા હતા કે, ફરીયાદી અનુસુચીત જાતિ/અનુસુચીત જન.જાતિ હિન્દુ–રોહીત જ્ઞાતિના સભ્ય છે તેમ છતાં, આરોપી નં. ૧નાએ ફરીયાદીની પત્નીને જાતિવાચક અપમાનજનક શબ્દો ''તમે મંજીપુરા ગામના ચામડીયા છો તો હું તમને પકોડી નહી ખવડાવું '' તેમ કહી તથા આરોપી નં. ૨નાએ મદદગારી કરી જાતિ વિશે અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી તથા જાતિવિષયક લાગણી દુભાય તે રીતે જાહેરમાં અપમાનજનક વર્તન કરી માનભંગ કરી અનુસુચીત જાતિ/ અનુસુચીત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારાની કલમ–૩(૧)(આર)(એસ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

**(૩).** શું હુકમ ?

**(૭.૧)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે જણાવેલા કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ

**– :: કા ર ણો :: –**

**<u>મુદા નં. ૧ થી ૩ની સંયુકત ચર્ચા :–</u>**

(૮) આ કામે ઉપરોકત મુદા નં. ૧ થી ૩નાઓ એકબીજા સાથે અરસપરસ સંકળાયેલ હોય, કાયદા તથા હકીકતોનુ પુનરાવર્તન ટાળવાના હેતુથી આ ત્રણેય મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક પુરાવા તથા તેનુ મુલ્યાંકન**

(૮.૧) ફરીયાપદક્ષ તરફે **આંક–૧૦થી સાહેદ નં. ૧** ફરીયાદી શંકરભાઇ દાનાભાઇ રોહીતને તપાસવામાં આવેલ છે તેઓએ તેમના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, તેઓ તા. ૧૨/૧૧/૨૦૨૪ના રોત તેમની પત્ની તથા સાસુ સાંજના સાડા ચારેક વાગ્યે પરત તેઓના ઘરે આવવા માટે નીકળેલા. તે વખતે રતનજીના મુવાડા ગામની દુધની ડેરી પાસે આવતા તેઅનોી પત્નીને પકોડી ખાવાનુ થતાં જીતુભાઇની લારી આગળ પકોડી ખાવા માટે તેઓના પત્ની દક્ષાબેન ગયેલા. જયારે તેઓ દુધની ડેરીની બાજુમાં કરીયાણાની દુકાને દહી લેવા ગયેલ અને તેઓ પરત આવતા હતા ત્યારે તેઓની પત્ની સામે મળેલ અને તમને જણાવેલ કે પકોડીવાળાએ પકોડી આપેલ નહી. જેથી તેઓ તેની સાથે જઇ પકોડી આપવાનુ જણાવેલ તેમ છતાં આ જીતુભાઇએ પકોડી આપવાનુ ના કહેલ અને જણાવેલ કે, ‘તમે મંજીપુરાના ચામડીયા છો, તે હું જાણું છું, જેથી તમોને પકોડી ના મળે, તમારાથી થાય તે કરી લો’. જેથી તેઓએ આજુબાજુ જોયેલો તો ત્યાં સામંતભાઇ મહારાજ ઉભેલા જોયેલ જેથી ફરીયાદી શંકરભાઇએ સામંતભાઇને પકોડીવાળાને પકોડી આવપાનુ જણાવેલ જેથી તેઓએ પણ ફરીયાદીને કહેલ કે તમો મંજીપુરાના ચામડીયા છો, તેવું તે જાણે છે જેથી ના પણ આપે, આ દરબારોનુ ગામ છે. જેથી તેઓએ તે સ્થળેથી જ તેમના મોબાઇલ નંબર ઉપરથી હેલ્પલાઇન નં. ૧૮૧ ઉપર ફોન કરેલો અને તેઓના પત્નીએ બનાવ સબંધી વાત કરેલ, જેથી એક કલાક બાદ ડાકોર પોલીસ સ્ટેશનથી પોલીસ ગાડીલઇને આવેલ. તે દરમ્યાન બનાવ સ્થળે ઘણી બધી પબ્લીક ભેગી થઇ ગયેલી. આ બનાવ સંબંધે તેઓએ તેમના મોબાઇલથી ઓડીયો બનાવેલી. તેઓએ આ કામના આરોપીઓ

વિરૂઘ્ધ ડાકોર પોલીસ સ્ટેશને આંક–૧૧વાળી ફરીયાદ આપેલી. ત્યારબાદ તેઓને પોલીસ બનાવ સ્થળે લઇ ગયેલી. તેઓ આરોપીઓને ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષ તરફથી ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ બનાવવાળી જગ્યાએ તેઓ સાંજના ૦૫:૩૦ થી ૦૬:૦૦ વાગ્યે ગયેલ હોવાની, બનાવ સ્થળે આવેલી દુધની ડેરીમાં દુધ ભરવાનુ ચાલુ હતુ અને આશરે ૨૦૦ થી ૨૫૦ માણસો હાજર હોવાની, પકોડીની લારી ઉપર અન્ય લોકો પણ હોવાની, આ બનાવ પહેલા આરોપીઓને તેઓ કોઇ દીવસ મળેલ નહી હોવાની, આરોપીઓને તેઓ અંગત રીતે ઓળખતા નહી હોવાની, બનાવ સમયે ઘણા બધા માણસોનુ ટોળુ ભેગુ થઇ ગયેલ હોવાથી કોણ શું બોલુ હતુ તે કહી શકાય નહી હોવની, એટ્રોસીટી એકટ અન્વયેની ફરીયાદ કરીએ તો સહાય મળે તે તેઓ જાણતા હોવાની, આ કેસમાં તેઓને પણ સહાય મળી હોવાની, અગાઉ અન્ય વ્યકિતએ ફરીયાદ કરેલી તેમાં તેઓ સાહેદ તરીકે રહેલ હોવાની, બનાવ પહેલ તેઓ આ બંને વ્યકિતઓના કોઇ નામ, ઠામ જાણતા નહી હોવાની હકીકતોનો સ્વીકાર કરેલ છે.

આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં આ સાહેદ મુળ ફરીયાદી છે. તેઓની આંક–૧૧ વાળી ફરીયાદ તથા કોર્ટ રૂબરૂનો મૌખીક પુરાવો સંયુકત રીતે વાંચતા, તેઓ તેમની સરતપાસમાં આરોપીએ તેઓને 'તમે મંજીપુરાના ચામડીયા છો, તે હું જાણું છું, જેથી તમોને પકોડી ના મળે, તમારાથી થાય તે કરી લો', જેથી તેઓએ આજુબાજુ જોયેલ તો ત્યાં સામંતભાઇ મહારાજ ઉભેલા જોયેલ. સામંતભાઇ મહારાજે પણ તેઓને કહેલ કે, તમો મંજીપુરાના ચામડીયા છો તેવુ તે જાણે છે જેથી ના પણ આપે, આ દરબારોનુ ગામ છે. જેથી તે સ્થળે તેઓએ તેમના મોબાઇલ ઉપરથી હેલ્પલાઇન નં. ૧૮૧ ઉપર ફોન કરેલ અને તેમના પત્ની દક્ષાબેને બનાવ સબંધી વાત કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જયારે આ સાહેદ તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, બનાવ સાંજના ૦૫:૩૦ થી ૦૬:૦૦ વાગ્યે બનેલ તે સમયે બનાવ સ્થળે ૨૦૦ થી ૨૫૦ માણસો હાજર હતા. તે સીવાય પકોડીની લારી ઉપર અન્ય બીજા લોકો પણ હતા. બનાવ પહેલા આરોપીઓને તેઓ કોઇ દીવસ મળેલ નહી પરંતુ બાજુના ગામના હોવાથી ઓળખે છે. બનાવ સમયે ઘણા બધા માણસોનુ ટોળુ થઇ ગયેલ હોવાથી કોણ શું બોલતું હતું તે કહી શકાય નહી. આમ, ફરીયાદીનો પુરાવો વિરોધાભાસી તથા વિસંગત જણાય છે. ફરીયાદપક્ષે તેઓનો પુરાવો સ્પષ્ટપણે નિ:શંકપણે પુરાવાથી પુરવાર કરવો

જોઈએ. આમ, ફરીયાદીના પુરાવાથી આ કામના આરોપીઓને તહોમતનામામા જણાવ્યા મુજબના ગુના સાથે સાંકળી શકાય નહી.

(૮.૨) ફરીયાદપક્ષે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ દીનેશકુમાર જયંતીભાઇ રોહીતને **આંક–૧૩થી સાહેદ નં. ૦૨** તરીકે કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેમની તથા બીજા પંચસાહેદ મુકેશભાઇ મનુભાઇની હાજરીમાં ઉપરોકત પંચનામાઓમાં જણાવેલ વિગતે પંચનામાઓ થયેલ હોવાથી હોવાની હકીકતને સમર્થનકારી પુરાવો આપી આંક–૧૪થી ગુનાવાળી જગ્યાનુ પંચનામું રજુ કરેલ છે. બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે તેમાં પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાની હકીકત સ્વીકારેલ છે.

(૮.૩) ફરીયાદપક્ષે **આંક–૧૫થી સાહેદ નં. ૦૩** દક્ષાબેન શંકરભાઇ રોહીતને તપાસવામા આવેલ છે તેઓએ તેમના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, આજથી એકાદ વર્ષ પહેલા તેઓ મંજીપુરા ગામે જતા હતા ત્યારે રતનજીના મુવાડા પાસે તેઓને ભુખ લાગેલ હોય, તેમના પતિએ મો.સા. ઉભુ રાખેલ અને તેઓ દહી લેવા માટે ગયેલ અને તેણી પકોડીની લારી સામે હતી ત્યાં પકોડી ખાવા માટે ગયેલ. ત્યાં પકોડીવાળાન તેણીએ જણાવેલ કે, 'મને પકોડી આપો', જેથી પકોડીવાળાએ તેણીને પકોડી આપેલ નહી જેથી તેણીને એકદમ રડવું આવી ગયેલ અને તે દરમ્યાન તેણીના પતિ આવી ગયેલા તેમજ પકોડીવાળાની સામે ઉદારામ મહારાજ બેસેલા હોય તેઓને તેમના પતિએ કહેલ કે, 'ઉદાભાઇ આ પકોડીવાળાને કહો કે પકોડી આપે' જેથી આ ઉદાકાકાએ તેણીના પતિને જણાવેલ કે, 'આ મંજીપુરા ગામ નથી' તેમજ ઉદાકાકા અને જીતુભાઇએ તેણીના પતિને જણાવેલ કે, 'તમો મંજીપુરાના ચામડીયા છો, તમારે જે કહવું હોય તે કરો', જેથી બનાવ સમયે તેણીએ ૧૮૧ નંબર ઉપર તેણીના મોબાઇલથી ફોન કરેલો અને ડાકોર પોલીસ સ્ટેશને તેણીના પતિએ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલ અને પોલીસે તેણીનુ નિવેદન લીધેલ.

બચાવપક્ષ ધ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં તેઓએ બનાવ બન્યો તે બનાવવાળુ ગામ તેઓના ગામથી દુર થતુ હોવાની, પકોડીની લારી આગળ તેણી એકલી ઉભી હોવાની, પકોડીની લારી ઉભેલી તેની સાથે દુધની ડેરી આવેલ હોવાની, ત્યાં ઘણાબધા માણસોની અવરજવર હોવાની, બનાવ બનતા બનાવ

સ્થળે ઘણાબધા માણસો ભેગા થઇ ગયેલ હોવાની, ઘણાબધા માણસો ભેગા થઇ ગયેલ જેથી કોણ શું બોલેલ તેની તેઓને ખબર નહી હોવાની હકીકતોનો સ્વીકાર કરેલ છે.

આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેઓ ફરીયાદીના પત્ની છે. તેઓની કોર્ટ રૂબરૂની સમગ્ર જુબાની વંચાણે લેતાં આરોપીઓએ તેઓને કોઇ જાતિવાચક શબ્દો બોલ્યા હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. આમ, આ સાહેદના પુરાવાથી આ કામના આરોપીઓને તહોમતનામામા જણાવ્યા મુજબના ગુના સાથે સાંકળી શકાય નહી.

(૮.૪) ફરીયાદપક્ષ તરફે **આંક–૨૧થી સાહેદ નં. ૦૪** ફરીયાદીના સાસુ જશીબેન મથુરભાઈ શનાભાઈ રોહીતને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી આ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપેલ જેથી વિ. એ.પી.પી.શ્રીએ આ સાહેદની ઉલટતપાસ કરેલ જેમાં પણ આ સાહેદ ફરીયાદપક્ષ્ના કેસની હકીકતને મદદરૂપ થાય તેવો કોઇ પુરાવો આપેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં તેઓએ બનાવ સમયે ઘણાબધા માણસોનુ ટોળુ ભેગું થઇ ગયેલ હોવાની, ઘણાબધા માણસોનુ ટોળુ ભેગુ થઇ ગયેલ હોય કોણ શું બોલેલું તે તેઓ કહી શકતા નહી હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

આમ, આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં આ સાહેદ બનાવ સમયે ત્યાં હાજર હતા તથા ફરીયાદીના સાસુ છે તેઓનો પુરાવો જોતાં આરોપીઓએ તહોમતનામામા જણાવેલ ગુનો કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું હોય તેવો પુરતો અને નિ:શંક પુરાવો નિકળી આવતો નથી.

(૮.૫) ફરીયાદપક્ષે **આંક–૨૨થી સાહેદ નં. ૦૫** ફરીયાદીના દીકરા ગૌતમભાઇ શંકરભાઇ રોહીતને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેઓના પુરાવામા મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આશરે નવેક મહીના પહેલા બનેલ. તે સમયે તેઓ દીલીપભાઇ પટેલના ખેતરમાં મંજીપુરા ખાતે હતો. તેઓના પિતા શંકરભાઇનો ફોન આવેલ અને તેઓએ જણાવેલ કે, ભગવાનજીના મુવાડા આગળ ડેરી પાસે તેઓના પિતાનુ બાઇક મુકેલ છે તે લેવા માટે જણાવેલ. જેથી તેઓ ત્યાં ગયેલ અને તેમના દાદી જશીબેનને લઇને બાઇક ઉપર મંજીપુરા પરત આવેલ. બનાવ સ્થળે

ઘણા માણસોનુ ટોળુ થઈ ગયેલ હતુ અને તે વખતે તેમના પિતાએ તેમને જણાવેલ કે, ‘તારી મમ્મીને પકોડી ખાવાની હોય અને પકોડી ખાવા લારીએ ગયેલા ત્યારે પકોડીવાળા જોડે ઝઘડો થયેલ છે’ તે સિવાય બીજુ કશુંય જણાવેલ નહી. ત્યારબાદ પોલીસ તેઓના માતાપિતાને પોલીસ સ્ટે. લઈ ગયેલ અને તેઓ તેમના દાદીને લઈને ઘરે પરત આવેલ. પોલીસે બનાવ અંગે તેઓનુ નિવેદન લીધેલ.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ બનાવ સમયે તેઓ તેમના ઘરે હોવાની જેથી બનાવ તેઓએ નજરોનજર જોયેલ નહી હોવાની, પોલીસે માત્ર તેઓનુ નામ, સરનામું પુછેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૮.૬) ફરીયાદપક્ષ તરફે **આંક–૨૩થી સાહેદ નં. ૦૬** મહેશકુમાર મણીભાઈ પરમારને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપેલ જેથી વિ. એ.પી.પી.શ્રીએ આ સાહેદની ઉલટતપાસ કરેલ જેમાં પણ આ સાહેદ ફરીયાદપક્ષ્ના કેસની હકીકતને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

આમ, આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેઓનો પુરાવો જોતાં આરોપીઓએ તહોમતનામામા જણાવેલ ગુનો કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું હોય તેવો પુરતો અને નિ:શંક પુરાવો નિકળી આવતો નથી.

(૮.૭) ફરીયાદપક્ષે **આંક–૨૪થી સાહેદ નં. ૦૭** ગુનો દાખલ કરનાર વિરેન્દ્રસિંહ દીલીપસિંહ મંડોરાને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તા. ૧૨/૧૧/૨૦૨૪ના રોજ ડાકોર પો. સ્ટે. ખાતે પી. આઈ. તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન ફરીયાદી શંકરભાઈ દાનાભાઈ રોહીતની ફરીયાદ તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ. ફરીયાદીને ફરીયાદ વાંચી સંભળાવી તેની નીચે ફરીયાદીની સહી લીધેલ. ફરીયાદીની સહી તથા રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. ફરીયાદ લીધા બાદ સદર ફરીયાદ ડાકોર પો. સ્ટે. ગુ. ર. નં. ૫૮૩/૨૦૨૪, બી.એન.એસ.ની કલમ–૩૫૨, ૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ)ના મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ નડીઆદ એસ.સી.એસ.ટી. સેલ ખેડા તરી મોકલી આપેલ.

આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરવામા આવેલ છે, જેમાં તેઓએ ફરીયાદ દાખલ કર્યા સીવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નહી હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ ફરીયાદ લેનાર પોલીસ સાહેદ છે. તેઓએ તેમની ફરજના ભાગરૂપે ફરીયાદીની ફરીયાદ નોંધી જરૂરી કાર્યવાહી કરી આગળની તપાસ એસ.સી.એસ.ટી.સેલ ખેડા તરફ મોકલી આપેલ હોવાનો પુરાવો આપેલ છે.

(૮.૮) ફરીયાદપક્ષ તરફે **આંક–૨૫થી સાહેદ નં. ૦૮** વિસ્તરણ અધીકારી કલ્પેશસિંહ ગોપાલસિંહ રાઉલજીને તપાસવામાં આવેલ છે તેઓએ તેમના પુરાવામા મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, તેઓ વિસ્તરણ અધીકારી તરીકે ફરજ બજાવે છે. તેઓની કચેરી તરફથી અનુસુચીત જાતિ માટે જાતિ અંગેનુ પ્રમાણપત્ર ઇસ્યુ કરવામા આવે છે. તેઓની કચેરી તરફથી પ્રમાણપત્ર ક્રમાંક ૨૯૪૮૦/૨૦૨૪, તા. ૨૭/૧૧/૨૦૨૪ના રોજ શંકરભાઇ દાનાભાઈ રોહીત, રહે. મંજીપુરા, તા. ઠાસરા, જિ. ખેડાને જાતિ અંગેનુ પ્રમાણપત્ર ઇસ્યુ કરવામા આવેલ છે. જેમાં તાલુકા વિકાસ અધીકારીની સહી તથા તેઓની કચેરીનો સીકકો છે જે ઓળખી બતાવે છે જે સદર કામે આંક–૨૬થી રજુ છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામ આવેલ છે જેમાં તેઓએ જાતિનુ પ્રમાણપત્ર તેઓએ ઇસ્યુ કરેલ નહી હોવાની, તેઓ આજરોજ રેકર્ડ આધારીત જુબાની આપતા હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં ફરીયાદીએ અનુસુચિત જાતિના દાખલાની માંગણી કરેલ તે અંગે જરૂરી કાર્યવાહી કરી જાતિનો દાખલો આપેલ હોવાનો પુરાવો આપેલ છે. આમ, ફરીયાદી અનુસુચિત જાતિના હોવાની હકીકતને સમર્થન મળે છે.

(૮.૯) ફરીયાદપક્ષ તરફે **આંક–૨૭થી સાહેદ નં. ૦૯** તપાસ કરનાર અમલદાર વિમલકુમાર રૂપનારાયણ બાજપાઇને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તેઓ તા. ૧૩/૧૧/૨૦૨૪ના રજો ડી.વાય.એસ.પી. નડીઆદ તરીકે હાજ હતા ત્યારે ડાકોર પો. સ્ટે. ગુ. ર. નં. ૫૮૩/૨૦૨૪, બી.એન.એસ.ની કલમ–૩૫૨, ૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ)ના ગુનાની તપાસ તેઓને મળેલ. તેઓએ જરૂરી પંચનામાઓ પંચોની હાજરીમાં કરેલ, ફરીયાદીના જાતિના પ્રમાણપત્રનુ ખરાઇ કરવા બાબતે જરૂરી

યાદી કરેલ, ફરીયાદીનુ વધારાનુ નિવેદન લીધેલ, ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લઈ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ આરોપીઓ અને ફરીયાદી બંને અલગ અલગ ગામમાં રહેતા હોવાની, આ કામે ફરીયાદીને કોઇ ઈજા થયેલ નહી હોવાની, તેઓને જે ફરીયાદ મળેલી તે કોમ્પ્યુટરમા ટાઇપ કરેલ મળેલ હોવાની હકીકતોનો સ્વીકાર કરેલ છે.

આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ સાહેદ તપાસ કરનાર અમલદાર છે. તેઓએ તેમની ફરજના ભાગરૂપે તપાસ કરેલ હોવાનો પુરાવો આપેલ છે.

**સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન**

(૯) ઉપરોકત વિગતોની ફરીયાદ લઈ ગુનો દાખલ કરનાર તેમજ તપાસ કરનાર અમલદારનો મૌખીક પુરાવો તથા તેમની જુબાની દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામા આવે તો એ બાબત સ્પષ્ટ બને છે કે, આ સાહેદો ફરીયાદ લઈ ગુનો દાખલ કરનાર તથા તપાસ કરનાર અમલદાર છે. તેને જોતા સ્વાભાવિક રીતે જ આ સાહેદોને બનાવ સંબંધે કોઈ અંગત કે વ્યકિતગત જાત માહીતી ન હોય તેવી બાબત સ્પષ્ટ બને છે. આ સાહેદે ફરીયાદી, પંચો અને અન્ય સાહેદોની ફરીયાદ, પંચનામાઓ અને નિવેદનોની વિગતો ઉપર મહદઅંશે આધાર રાખી મૌખિક પુરાવો આપેલ છે. તેને જોતા આ સાહેદોનો બનાવ સંબંધે અને બનાવમાં આરોપીઓની સંડોવણી સંબંધે પુરાવો એ સીધો કે પ્રત્યદર્શી પુરાવો ન હોવાનુ સ્પષ્ટ બને છે. પ્રસ્તુત કેસમાં ફરીયાદી તેમજ સાહેદોના પુરાવાને તથા તેના મુલ્યાંકન સંદર્ભે આગળ ઉપર કરવામા આવેલી ચર્ચાને ધ્યાને લેતા આરોપીઓ સામેનુ તહોમતનામું પુરવાર થાય તેવો કોઈ પુરતો અને નિ:શંક પુરાવો ફરીયાદી કે સાહેદો આપતા ન હોય તે તમામ હકીકતોને સંયુકત રીતે જોતા સાહેદોએ આપેલ મૌખિક પુરાવો તેની ફરજના ભાગરૂપે તૈયાર કરવામા આવેલ દસ્તાવેજી પુરાવો પણ ફરીયાદી અને અન્ય સાહેદોના પુરાવાના અભાવે ધ્યાનમાં લેતા આરોપી સામે ફરમાવવામા આવેલ તહોમત પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનુ સ્પષ્ટ બને છે.

(૯.૧) એકંદરે જોતાં ઉપરોકત સાહેદોનો પુરાવો આગળ ઉપરની ચર્ચા મુજબ ફરીયાદી તથા નજરે જોનાર સાહેદોનો પુરાવો મહત્વની બાબતોએ વિરોધાભાસી અને વિસંગત હોય તેમજ અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન

પ્રાપ્ત થતું ન હોઇ, આ તમામ પુરાવાનુ સંયુકત રીતે મુલ્યાંકન કરતા આરોપીઓ સામેના આરોપી પુરવાર કરવા માટે પુરતા અને નિ:શંક પુરાવા તરીકે સ્વીકારી શકાય તેમ ન હોય આ તમામ પુરાવો આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતા અને નિ:શંક ન હોવાનુ સ્પષ્ટ બને છે.

(૧૦) વધુમાં જયાં સુધી આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાનો પ્રશ્ન છે ત્યાં સુધી રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં અને તેના સ્વરૂપને ધ્યાને લેતાં આ દસ્તાવેજી પુરાવાઓ પૈકી ફરીયાદ વિગેરે દસ્તાવેજી પુરાવા હાલના આરોપીઓએ તેમની સામેના આરોપ મુજબના શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય તેવી બાબતો પુરવાર કરવા માટે પુરતા અને નિ:શંક ન હોવાનુ તથા આ તમામ દસ્તાવેજી પુરાવા ઉપરાંત રજુ થયેલા અન્ય દસ્તાવેજી પુરાવા કે જે તપાસની કાર્યવાહી સંદર્ભેના છે તેના સ્વરૂપને ધ્યાને લેતા તેમજ ખુદ ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય ન હોય ત્યારે આ દસ્તાવેજી પુરાવા પણ આરોપીઅને તેમની સામેના આરોપો મુજબના ગુનાહીત કૃત્ય કરેલ હોત તેવી બાબત પુરવાર કરવા માટે પુરતા અને નિ:શંક ન હોવાનુ સ્પષ્ટ બને છે.

(૧૧) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા ધ્યાને લેતાં બનાવ ફરીયાદપક્ષ આરોપીઓની ધમકીના કારણે રોજબરોજના વ્યવહારો બીકના માર્યા કરી શકેલા નહી, તેવી કોઇ વિગત રજુ થયેલ પુરાવા આધારે ફલીત થતી નથી કે તેમને ભય હોય, તેવી કોઇ વિગત રજુ થયેલ પુરાવા આધારે ફલીત થતી નથી. **પ્રવિણભાઇ બેચરભાઇ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭(૧) જી.એલ.એચ.૩૩૭ તથા મુનાસાફખાન યાસીનખાન પઠાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૨(૧), જી.એલ.એચ. (યુ.જે)૪**–ના ચુકાદામા ઠરાવેલ છે કે, જયારે ઉચ્ચારેલ શબ્દો ફરીયાદપક્ષના ઇસમો પર કોઇ ભય ઉત્પન્ન કરેલ, તેવો પુરાવો ન હોય તો **ઇ.પી.કો. કલમ–૫૦૪(૧) (ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૫૨)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો પુરવાર થતો નથી. વળી **ઇન્દ્રીત વિરૂધ્ધ રાજય, ૧૯૮૫ ક્રિ. લો. જર્નલ–૯૬૬(નામદાર અલ્હાબાદ હાઇકોર્ટ)**ના ચુકાદામા ઠરાવ્યા મુજબ ધમકી આપવામા આવી તેના ચોકકસ શબ્દો શું હતા તે ફરીયાદ અને તહોમતનામામાં દર્શાવેલ ના હોય તો સજા ન થાય. તેથી ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવા તથા સદર ચુકાદાઓ ધ્યાને લેતા, આરોપીઓએ **બી.એન.એસ.ની કલમ–૩૫૨, ૫૪** મુજબનો ગુનો આચરેલ હોવાનુ નિ:શંકપણે ફરીયાદપક્ષે પુરવાર થતું નથી. આમ, રજુ થયેલા પુરાવા આધારે આરોપીઓએ ફરીયાદીને ગાળો આપી હોય કે જાહેરમા

ધમકી આપી અપમાનીત કર્યા હોય તેવી કોઇ વિગત નિ:શંકપણે ફલીત થતી નથી. જેથી **મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં** આપવો ન્યાયોચિત જણાય છે.

**(૧૨)** વધુમાં આ કામે આરોપીઓ ઉપર આક્ષેપિત અનુસુચિત જાતિ અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધીનીયમની કલમ-૩(૧)(આર)(એસ)ની જોગવાઈ જોતા જે નીચે મુજબ છે.

**Section 3. Punishment for ofences atrocities.**

**(1)** Whoever, not being a member of a scheduled caste or a scheduled tribe:-

**(R)** intentionally insults or intimidates with intent to humiliate a member of a scheduled Caste or a scheduled Tribe in any place within public view.

**(S)** abuses any member of a Scheduled Caste or a Scheduled Tribe by caste name in any place

**(૧૩)** વધુમાં આ સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટના **Dhiren Prafulbhai Shah vs State Of Gujarat** (reported in 2016 4 GLR 2785)-માં પ્રસ્થાપિત કરેલ છે કે **:- [7.9]** It would also be apt to refer and quote the relevant observations of Hon'ble Gujarat High Court, while dealing with a petition seeking quashing of proceedings in respect of offence under the Atrocities Act. In case titled **Dhiren Prafulbhai Shah vs State Of Gujarat**, (reported in 2016 4 GLR 2785), it was observed by Hon’ble Gujarat High Court in para - 27 as under:

*27. The SC/ST Act was enacted with a laudable object to protect vulnerable section of the society. Subclauses (I) to (xv) of Section 3(1) of the Act enumerated various kinds of atrocities that might be perpetrated against Scheduled Castes and Scheduled Tribes, which constitute an offence. However, Subclause( x) is the only clause where even offending*

*"utterances" have been made punishable. The Legislature required intention as an essential ingredient for the offence of "insult", "intimidation" and "humiliation" of a member of the Scheduled Castes or Scheduled Tribe in any place within "public view". Offences under the Act are quite grave and provide stringent punishments. Graver is the offence, stronger should be the proof. The interpretation which suppresses or evades the mischief and advances the object of the Act has to be adopted. Keeping this in view, looking to the aims and objects of the Act, the expression "public view" in Section 3(1)(x) of the Act has to be interpreted to mean that the public persons present, (howsoever small number it may be), should be independent and impartial and not interested in any of the parties. In other words, persons having any kind of close relationship or association with the complainant, would necessarily get excluded.*

**[7.10]** Thus, in light of the above and considering the nature of relations between the complainant and accused, for securing guilt for accused having committed offence under Section 3(1)(r), the prosecution would be required to prove that the utterance of the caste derogatory words by accused was over heard by someone not connected to the complainant or her family. However, as noted above the only person not connected to the complainant (PW-1) is PW-5, but she does not support the case of the prosecution with regards to utterance of caste derogatory words by the accused persons. Therefore, charge punishable under Section 3(1)(r) also fails.

**(૧૪)** આમ, આરોપીઓ સામેના આક્ષેપિત કલમ અન્વયેનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એવું પુરવાર કરવું પડે કે, ફરીયાદી અનુસુચીત જાતિના હોવાનું આરોપીઓ પ્રથમથી જ જાણતા હોવા છતાં, બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને જાહેરમાં એટલે કે, જાહેર સ્થળે તેઓની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી અપમાનીત કરી, આક્ષેપિત કલમ અન્વયેનો ગુનો કરેલો અને તે સંદર્ભે સદરહું આક્ષેપિત કલમની જોગવાઇ ધ્યાને લેતા, એટ્રોસીટી એકટની કલમના મુળ ઘટકોને એ રીતે વર્ગીકૃત કરી શકાય જેમા (૧) અનુસુચીત જાતિ અથવા

અનુસુચીત જનજાતિના સભ્યોને હડધુત કરવાના હેતુથી ઈરાદાપુર્વક અપમાન કરવું, ધમકી આપવી, અપશબ્દો કહેવા સબબના કોઇ કૃત્ય કરવામાં આવેલ હોય, (૨) તેવું કૃત્ય કોઇપણ સ્થળે જાહેર દ્દશ્યમાં કરવામાં આવેલું હોય, આ અધિનીયમની કલમ–૩(૧)(આર)(એસ) હેઠળનો ગુનો અનુસુચીત જાતિ અથવા અનુસુચીત જનજાતિના સભ્યને હડધુત કરવાના ઈરાદા સાથે ઈરાદાપુર્વક કરવુ, ધમકી આપવી તેવા ઘટકને સુચવે છે. આ જોગવાઇ બીજો મુખ્ય ઘટક આવા પ્રકારનું કૃત્ય જાહેર દ્રષ્ટિકોણમાં હોવાનું સુચવે છે. આમ, ફરીયાદપક્ષે સદરહું કલમની જોગવાઇઓમાં સમાવિષ્ટ આવશ્યક તત્વો ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવા પડે. જેથી ફરીયાદપક્ષે રજુ ઉપરોકત સમગ્ર હકીકતો લક્ષમાં લેતા, આ કામના આરોપીઓએ એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ) મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેવામાં સદંતર નિષ્ફળ રહેલ હોય **મુદા નં.ર નો જવાબ નકારમાં** આપવો ન્યાયોચિત જણાય છે.

**(૧૫)** આમ, ઉપરોકત સમગ્ર હકીકત તેમજ આરોપીઓ સામે આક્ષેપિત કલમો અન્વયેની જોગવાઇ જોતા, આરોપીઓ સામેનો હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિંધ્ધાંતો અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેમજ ક્રિમીનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપિત ગુનો, શંકારહીત યોગ્ય પુરાવા રજુ કરીને પુરવાર કરવાનો હોય છે. ટુંકમાં આરોપીઓ દોષિત છે, તેવું પુરતા અને વિશ્વસનીય પુરાવા આધારે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ આરોપીને દોષિત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે, તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ એકાદી કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતીનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપીઓ દોષમુકત અગર તો બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. તે સંજોગો જોતા, હાલના કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

**(૧૬)** આમ, ઉપરોકત તમામ હકીકતો તથા સંજોગો લક્ષમાં લેતા, હાલના કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો પોતાની જ ફરીયાદ પ્રમાણે લેશમાત્ર પુરવાર કરી શકેલ નથી. જેથી ઉપરોકત સમગ્ર હકીકતો લક્ષમાં લેતા, આ કામના આરોપીઓએ બી.એન.એસ.ની કલમ–૩પર, પ૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ) મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ

નીવડેલ હોય, જેથી મુદ્દા નં.૧ તથા ૨ નો જવાબ '**નકારમાં**' આપી મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચિત માનું છું.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના **આરોપી નં. (૧) રણજીતસિંહ ઉર્ફે જીતુ મોહનસિંહ ચાવડા,** ઉ.વ. ૪૦ તથા **આરોપી નં. (૨) ઉદેસિંહ ઉર્ફે મહારાજ સામંતસિંહ ચૌહાણ,** ઉ.વ. ૭૪ બંને રહે. રતનજીના મુવાડા, સીમ વિસ્તાર, ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૨) મુજબ તેઓની સામેના બી.એન.એસ.ની કલમ–૩૫૨, ૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૦ મુજબ આ કામના દરેક આરોપીએ સરકાર પક્ષ આ હુકમ સામે અપીલ કરે તો અપીલના કામે હાજર રહેવા માટેના **રૂા.૧૫,૦૦૦/–** (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવો.

(૩) સદર ચુકાદાની નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ખેડાને મોકલવાનો અત્રેની ઓફીસને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૦૬ મુજબ તેમજ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૧૩૨ મુજબ આદેશ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

(૪) આ કેસનું રેકર્ડ નિયમોનુસાર વર્ગીકરણ કરી રેકર્ડ રૂમમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તા. ૨૯મી માહે મે સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા. ૨૯/૦૫/૨૦૨૬**<br>**સ્થળ :– નડીઆદ** | **(મુકેશકુમાર જયંતીલાલ બ્રહ્મભટ્ટ)**<br>**ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,**<br>**ખેડા–એટ–નડીઆદ**<br>**(જયુડી. કોડ નં. જીજે૦૦૭૫૪)** |

NMJ